સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ભૂંડી ભાષાથી જ એમનાં ભાવિ લખાઈ જાય છે,
ને ભલભલા ચાણક્યોની બુદ્ધિ જોખાઈ જાય છે,
ઓળખાઈ જાય છે જાતિ-કુળ નિવેદન થકી -
ચૂંટણીમાં નેતાઓના 'સંસ્કાર' દેખાઈ જાય છે
(કાદવ-કીચડ થી પ્રચાર)

હાઈકુ

ઉડાડે થૂંક,
વામન વયેટિયા -
વિરાટ પર...

માગે મંદિર,
ભય, ને ભીડ ધાકે
સત્તા છે છતાં

ચિંતન

આત્માનાત્મવિવેક: કર્તવ્યો બન્ધમુક્તયે વિદુષા ।
તેનૈવાવન્દી ભવતિ સ્વં વિજ્ઞાય સચ્ચિદાનન્દમ્ ॥

ઉપરોક્ત શ્લોક વિવેચ ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

વિદ્વાને બંધનમાંથી છૂટવા માટે આત્મા અને અનાત્માનો વિવેક (પૃથકતાનો વિચાર) કરવો જોઈએ. આમ કરવાથી તે પોતાના આત્માને સત્, જ્ઞાન અને આનંદરૂપ પોતે અનુભવીને આનંદરૂપ બની જાય છે.

આત્મા અને શરીરના ભેદની જેમ 'અનાત્મા'ને પણ ઓળખી લેવો જોઈએ આપણો આત્મા હોવા છતાં અજ્ઞાન અને વિષયના પડળોમાં લપેટાયેલો હોવાથી જ્ઞાન સમજ તેની સુધી પહોંચી શકતા નથી. ચિંતન-મનન-ધ્યાન દ્વારા આત્માની ઓળખ કરી મોક્ષ માર્ગે આગળ વધવું જોઈએ.

સુવિચાર

- જિંદગી બડી અજીબ હોતી હૈ, કભી હાર કભી જીત હોતી હૈ...તમન્ના રક્ખો સમંદર કી ગહરાઈ છૂને કી, કિનારોં પે તો બસ જિંદગી કી શરુઆત હોતી હૈ - **ગુલઝાર**
- તમારા હૃદયમાં પ્રેમ રાખો, પ્રેમ વિનાનું જીવન ફૂલોના મુરઝાયા પછી ઉદાસ બગીચા જેવું છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- જ્યારે ઈશ્વરની કૃપા તમારા પર વરસતી હોય, ત્યારે કોઈનું 'ધ્યાન રાખજો' કોઈને 'ધ્યાનમાં ના રાખતા'!! - **ઈશીતા**
- લાખો લોકોને તમે જે ખરેખર છો તેનાં કરતાં કંઈક અલગ જ દેખાય અને સમજાય એને 'ખ્યાતિ' કહેવાય - **એસ. ભટ્ટાચાર્ય**
- એક દિવસ ફરિયાદ તમને 'સમય' અને 'દુનિયા' થી નહિ હોય પણ 'પોતાના' થી જ હશે... કે આ જિંદગી સામે હતી અને તમે 'દુનિયા'માં જ અટવાયેલા રહ્યા - **જનકલ્યાણ**
- માણસ જ્યારે ઈશ્વરને હૃદયમાં સમાવી લે છે, પોતાના કામોમાં જ આનંદ મેળવતો થઈ જાય છે, ત્યારે તેના તમામ આશય ચોક્કસ પૂરા થાય છે - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : ડમરાંના પાનના ટીપાં કાનમાં નાખવાથી કાનનો દુ:ખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજા રાજ જ્યોતિષીના પર વધારે પડતી શ્રદ્ધા રાખતા થઈ ગયા. રાજાનો આ અભિગમ જોઈને પ્રધાનો તથા પ્રજાને ચિંતા થઈ. એકવાર રાજ જ્યોતિષી સાથે રાજા નગરચર્યા જોવા નીકળ્યા. રસ્તામાં એક ખેડૂત મળ્યો જે હળ અને બળદ લઈ ખેતવા જઈ રહ્યો હતો. રાજ જ્યોતિષીએ એને અટકાવીને કહ્યું, ''ભાઈ તને ખબર નથી કે તું જે દિશામાં જાય છે એમાં દિશાશૂળ છે.... આ દિશામાંથી જવાથી તારી ખેતી સફળ નહીં રહે.' ખેડૂત તો દિશાશૂળ જેવી બાબતથી તદ્દન અજાણ હતો. એણે કહ્યું, 'પણ મહારાજ, હું તો ત્રણસોને પાંસઠ દિવસ આ જ દિશામાં જાઉં છું. કારણ કે મારું ખેતર એ દિશામાં આવેલું છે, જો તમારી વાત સાચી હોય તો કયારનોય મારો સર્વનાશ થયી ગયો હોત.' રાજ જ્યોતિષને પરસેવો વળ્યો. પોતાનો ક્ષોભ દૂર કરવા તેઓ બોલ્યા. 'મને લાગે છે કે તારી હસ્તરેખાઓ પ્રબળ હોવી જોઈએ, મારે તારો હાથ જોવો પડશે.' ખેડૂતે હાથ ધર્યો પરંતુ હથેળી નીચેની તરફ રાખી આથી રાજ જ્યોતિષી ગુસ્સે થયા તેમને કહ્યું, 'અરે ભાઈ તને એટલી પણ ખબર નથી કે હસ્તરેખા બતાવવા હથેલી ઉપરની તરફ રાખવી જોઈએ ?' ખેડૂત હસ્યો તેણે કહ્યું, 'મહારાજ, હથેલી તો એ માણસ ધરે જેણે કંઈક માંગવું હોય... જે હાથથી કમાઈને હું મારા પરિવારનું ભરણપોષણ કરું છું તે હાથ હું શા માટે કોઈની આગળ ધરું? આ સંવાદ સાંભળી રાજા વિચાર કરતો થઈ ગયો અને છેવટે રાજ જ્યોતિષીની ભ્રમજંજાળમાંથી મુક્ત થયો.

રામ મંદિર : નિર્માણ માટે આવકાર્ય, મુદ્દા માટે નહીં

તંત્રીસ્થાનેથી...

ચૂંટણી નજીક આવતી જાય છે એમ રામમંદિરનો મુદ્દો ગરમ બનતો જાય છે. હવે તો સામાન્ય માણસોનેય ખબર પડવા માંડી છે કે આવા બધા મુદ્દા ચૂંટણીલક્ષી રાજકારણ જ છે, બીજું કશું નહીં.

અને આવું રાજકારણ કોઈ એક રાજકીય પક્ષ જ રમે છે એવું નથી. બધાય આમાં પાવરધા છે. સંવેદનશીલ મુદ્દા અંગે વર્ષો સુધી કાંઈ કરવાનું નહીં હા, જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે આ મુદ્દાને ઉછાળ્યા ચોક્કસ કરવાનો !

આ બાબત રાજકીય રમત સિવાય બીજું કશું જ નથી. અને ચૂંટણી નજીક આવે એમ આવી રમતોનાં મંડાણ થઈ જાય છે. વર્ષો સુધી જે કામ ન થયું હોય તે જાણે રાતોરાત કરી નાખવાનું હોય તેમ મુદ્દાને ગરમ બનાવવામાં આવે છે અને નાગરિકોની સંવેદનશીલતાને ઝંઝોડવામાં આવે છે. શું કામ ? માત્ર મતોનો ફાયદો લેવા. પછી ચૂંટણી પૂર્ણ અને મુદ્દો પણ પૂર્ણ.

કેટલાંય વર્ષોથી રામમંદિરનો મુદ્દો આ જ રીતે ઉછળી રહ્યો છે. અગાઉના પક્ષે આ ના કર્યું એમ કહેનારો વર્તમાન પક્ષ પણ એ ક્યાં કરી શક્યો છે ?

આ દેશમાં રાતોરાત નોટબંધી આવી શકે, જીએસટી લાગુ થઈ શકે તો રામમંદિર બનાવવામાં કેમ વાર લાગે છે ?

રામ એ ભારતીય સંસ્કૃતિનું પ્રતીક છે અને એમનું મંદિર એમના જન્મસ્થળ અયોધ્યામાં બને એ બાબતે કોઈનેય વિરોધ ન હોઈ શકે. સૌ એમાં રાજી જ છે. બસ, વાંધો છે તો રાજકીય. હકીકતે સત્તા જ ઈચ્છતી નથી કે અહીં મંદિર બને ને એટલે જ એ મુદ્દો અનિર્ણાયક બની રહ્યો છે. રાજકીય ઇચ્છાશક્તિ હોય તો કશું અશક્ય નથી, પણ એ શક્તિ શું છે એ કળવું મુશ્કેલ છે અથવા એ શક્તિ શું કરવા માગે છે એ આવા પ્રસંગોએ ઉજાગર થાય છે.

માની લો કે વિવાદિત સ્થળે મંદિર બની શકે છે તો પછી એને બનતાં કેમ વાર લાગે છે ? અને માની લો કે એ સ્થળે મંદિર બની શકે તેમ નથી, તો પછી આ મુદ્દાને વારંવાર ઉછાળવામાં કેમ આવે છે ?

રાજકારણ જે કરવા માગતું હોય તે અને રાજકીય ઈચ્છાશક્તિ જે હોય તે પણ અફસોસની વાત એ છે કે વિવાદની આ સળગતી આગમાં કેટલાય લોકો પોતાના હાથ શેકે છે અને અગણિત એમાં વિનાકારણ હોમાઈ રહ્યા છે. રાજકીય નેતાઓના કે પક્ષોના હથકંડા બની ચૂકેલા અનેક કાર્યકરો કોઈ જ માહિતી વિના માત્ર એક ઈશારાથી આ મુદ્દાને માથે લઈને ચાલી રહ્યા છે અને એને જીવનમરણનો સવાલ બનાવી રહ્યા છે એ ચિંતાની વાત છે.

અને એટલી જ ચિંતાની વાત એ છે કે કરોડોની વસતીના આ દેશમાં શાસક પક્ષને, વિરોધ પક્ષને કે કોઈપણ રાજકીય પક્ષનેય આજે શિક્ષણ અને રોજગારી જેવા મુદ્દાની અગત્યતા નથી લાગતી ! રામમંદિર બનશે કે નહીં એ મુદ્દો આજે સૌથી અગત્યનો બનાવી દેવામાં આવ્યો છે ને એ જ આ દેશની સૌથી મોટી કરૂણતા છે.

રાજકીય પક્ષો, ઠેકેદારો રામમંદિર બનાવવું હોય તો બનાવે ને ના બનાવવું હોય તો ના બનાવે, પણ નિર્દોષોની લાગણીઓ અને લોહી સાથે રમવાનું બંધ કરે તો સારું ! નહીંતર પછી થશે એવું કે આ દેશને ખુદ ભગવાન રામ પણ નહીં બચાવી શકે !

પ્રવાસથીય પ્રગટે પ્રસન્નતા...

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'લ્યો, બોલો, આપણે જયાં જઈએ છીએ એ ગામનું નામ પણ કોઈને ખબર નથી.'

'હોય કાંઈ, બધી પૂછપરછ તો કરી જ હશે ને!!'

'અરે આટલા ઓછા પૈસામાં આવી સારી ટૂર!!'

'અલ્યા ધ્યાન રાખજો, આપણે ફરવા આવ્યા છીએ, દેવ દર્શનની ટૂરમાં નહિ હો!!'

વાચકો સાચ્ચું જ સમજ્યા છે, વાત દિવાળી વેકેશનના પ્રવાસની છે. આપણે પ્રવાસ પ્રેમી પ્રજા છીએ, ઉત્સવો ઉજવવા આપણને ગમે છે, નોકરી-ધંધામાંથી રજાઓની ગોઠવણ કરીને યોગ્ય સમયે-સમયે સ્થળે સ્વજનો અને પ્રિયજનો સાથે નાના-મોટા પ્રવાસો આપણે ગોઠવી જ લઈએ છીએ.

આ મિત્રોએ પણ ચારેક મહિના પહેલા દીવાળીની રજાઓમાં કોઈ હીલ સ્ટેશન જવાનું પ્લાનિંગ કરી નાખ્યું હતું. ટ્રેન પ્લેનની ટીકીટો પણ લઈ લીધી હતી. સ્થળ પસંદ કર્યા હતા. ઉત્તરાખંડમાં નૈનિતાલ અને આસપાસના સ્થળો.

કુલ ૨૩ સભયોનું ગ્રૂપ હતું. બધા મિત્રો નિયમિતપણે ફરવા ટેવાયેલા હતા અને પાંચ-સાત પ્રવાસોના પોતાના અને બીજાના અનુભવોથી એટલું શીખ્યા હતા કે મોટા મોટા શહેરોની બજારો જોવા આપણે નથી જતા. પરિણામે ઉદયપુર, કુલુ મનાલી - સીમલા - મધ્યપ્રદેશમાં પેન્ચના જંગલો, ઉત્તરાખંડના પર્વતો, જયાં જયાં જવાનું થાય ત્યાં ત્યાં આસાપાસના નાના શહેરોમાં હોમ-સ્ટેમાં રહેવાનું પસંદ કરતા, અથવા તો આઉટ સ્કર્ટસમાં આખી હોટલ કે બંગલો જ બે-ત્રણ દિવસ માટે રસોઈયા સાથે ભાડે લઈ લેતા. પરિણામે ૨૪ કલાક ઈચ્છો ત્યારે ચા-ભજિયાને મેગી મળે, કેમ્પ ફાયરનો ને અંતાક્ષરીનો આનંદ મળે, દિવસે નહીં-ઝરણા કિનારે વન ભોજનનો પણ આનંદ મળે ને પ્રાચીન શિલ્પ સ્થાપત્યથી શોભતા મંદિરોના સાનિંધ્યમાં ખુલ્લી સ્વચ્છ હવામાં, જે - તે પ્રદેશના લોકો સાથે - રહેવાથી એમના રીતરિવાજ અને પ્રાદેશિક માહોલથી પણ જાણકાર થવાય આવી ટૂરનો સામાન્ય અનુભવ બધાનો સારો હતો અને વિશેષ કરીને બાળકો-યુવાનોને બહુ મજા પડતી હતી.

ઉત્તરાખંડમાં પ્રવેશતા કયાંયે જલના ગામનું બોર્ડ ન આવ્યું જયાં જવાનું હતું, કોઈને પૂછો તો ખબર પણ ન હતી, પરંતુ જયારે રાત્રે સહુ જલના પહોંચ્યા અને અંધારામાં પણ જે નજારો જોયો, જાણએ ઉપર પણ આકાશને નીચે પણ આકાશ... સહુને થયું સવાર આથી વધુ સુંદર હશે. સાચ્ચે જ હતી. બધા જ રૂમની ગેલેરીઓમાંથી સામે હિમાલયની બર્ફીલી પર્વતમાળાઓ, તેના પર પડતા સૂર્યના કિરણો, કયાંક કયાંક છૂટા છવાયા મકાનો, ઠંડી હવા... ને હાથમાં આદુવાળી ગરમાગરમ ચા... આજુબાજુમાં ગોતો તો ધ્યાન જાય એવો પાંચ - સાત ઘર, એ સિવાય જયાં જુઓ ત્યાં બસ પ્રાકૃતિક નજારો અદ્‌ભૂત સૌંદર્ય સાથે પથરાઈને પડ્યો હતો.

એવું જ નયનરમ્ય અને શ્રદ્ધાનું સ્થાન એટલે ત્યાંથી દોઢ કલાકની અંતરે આવેલું પુરાણ પ્રસિદ્ધ પ્રાચીન મંદિર જાગેશ્વર... અહીં ૧૨૫ શિવલિંગો છે અને પથ્થરોમાં કોતરાયેલી સુંદર કવિતા જાણે શિલ્પ - સ્થાપત્ય રૂપે ધબકારા લઈ રહી છે એવું લાગે. ધારચૂલા ને દંડેશ્વરને અલમોડાની મજા પણ લેવા જેવી લાગે ! પહાડોમાં સાંજે અંધારું વહેલું થાય એટલે કેમ્પ ફાયર સાથે અંતાક્ષરીના ગીતોમાં પ્રકૃતિના - પવનના - આકાશના - પહાડોના કેટકેટલા ગીતોનું સ્મરણ થાય એવું જ એક મનોહારી સ્થળ એટલે મુક્તેશ્વર. પ્રાચીન મંદિર ખાસ્સી ઊંચાઈ પર છે, ત્યાં સૌથી વધુ વર્ષ જૂની પોસ્ટ ઓફિસ અને અત્યારે બંધ પડેલું દવાખાનું પણ જોવા મળે...ડ્રાઈવર સારો ગાઈડ હોયતો ત્યાં ટ્રેકીંગનો આનંદ પણ સહજપણે તમને મળે.... સરવાળે ભીડભાડવાળી જગ્યાઓ - નગરોને બજારોમાં ફરવા કરતા એની આસપાસ આવેલા નાના-નાના ગામોમાં રહેવા-જમવાની વધુ સારી, વધુ સસ્તી, વધુ ચોખ્ખી જગ્યા મળે છે અને ત્યાં રહીને પ્રવાસનો વધુ આનંદ મેળવી શકાય છે એ વાતની અનુભૂતિ સહુને થઈ. થોડી નિર્ણયશક્તિ, દેખાદેખીમાં ન તણાવાની સજ્જતા અને પહાડોના માણસોમાં રાખેલો વિશ્વાસ આ ત્રણે ભેગા થાય ત્યારે સાચ્ચે જ પ્રવાસમાં પ્રસન્નતાના દીવડા પ્રગટે છે અને આનંદના અજવાળા રેલાય છે.

શ્રી શૈલ મલ્લિકાર્જુનમ્ - આંધ્રપ્રદેશનું દેવસ્થાનમ્

વિચારયાત્રા
ડો. જય ઓઝા

નાગેશં દારૂકાવને અને પરલ્યાં વૈજનાથનાં અદ્‌ભૂત દર્શન કર્યા પછી પરલીથી રેલમાર્ગે હૈદ્રાબાદ પહોંચ્યા. તેલંગાણાના સ્વતંત્ર અસ્તિત્વ પછી હૈદ્રાબાદ તેલંગાણા રાજયમાં આવે છે. ખૂબ જ સરસ અને સુવ્યવસ્થિત નગર છે. હૈદ્રાબાદથી શ્રી શૈલમ - મલ્લિકાર્જુનમ્ લગભગ ૨૪૦ કિ.મી. દૂર છે.

બીજા દિવસે વહેલી સવારે મોટર રસ્તે અમે શ્રી શૈલમ્ - મલ્લિકાર્જુનનાં દર્શન કરવા નીકળ્યા. સરસ રસ્તો અને આજુબાજુ નાના-મોટા ડુંગરાળ દેશ્યો જોતા-જોતા 'નલ્લમલૈ' પર્વત-વિસ્તાર કયારે આવી ગયો તે ખબર જ ન રહી.

કુર્નુલ જિલ્લામાં આંધ્રપ્રદેશમાં આવેલા આ જયોતિર્લિંગની આભા આપણને જોત-જોતામાં જ મોહપાશમાં જકડી લે છે. 'નલ્લમલૈ' પર્વતમાળાના જંગલનો વિસ્તાર પ્રકૃતિપ્રેમીઓ માટે તો વરદાન સમો છે.

અમે જેવા જંગલના 'કોર એરિયા' માં દાખલ થવા લાગ્યા તે સમયે જ એક ચેકપોસ્ટ પર ૫૦/- રૂપિયા ટેકસરૂપે લેવામાં આવ્યા અને સાથે એક 'ઈકો ફ્રેન્ડલી' બેગ આપવામાં આવી, અને અમને જણાવવામાં આવ્યું કે પાછા આવતા સમયે આ બેગમાં તમારા વપરાયેલા ખાદ્યપદાર્થોનાં રેપર અને બીજા પ્લાસ્ટિક કચરાને ભરીને અહીં જમા કરાવશો તો તમને ૫૦/- રૂપિયા પાછા મળશે.

આખા વિસ્તારને 'પ્લાસ્ટિક ફ્રી' બનાવવાનો આ નવતર પ્રયોગ અનુકરણીય છે.

મલ્લિકાર્જુન ક્ષેત્ર માટે એવી કથા છે કે, જયારે કાર્તિકેય અને ગણેશજી બંનેને પૃથ્વીની પ્રદક્ષિણા ફરવા માટે કહેવામાં આવે છે, ત્યારે કાર્તિકેય તો તેમના વાહન મોર પર નીકળી પડે છે, જયારે ગણેશજી યુક્તિ અને ચતુરાઈ દ્વારા માતા-પિતાની જ પ્રદક્ષિણા ફરીને પૃથ્વીની પ્રદક્ષિણા ફર્યા હોવાનું પુણ્ય મેળવી લે છે.

પહેલા જે પ્રદક્ષિણા ફરીને પાછા આવે તેના પ્રથમ લગ્ન કરી દેવામાં આવશે, તે શરત મુજબ ગણેશજીના રિદ્ધિ અને સિદ્ધિ નામની બે કન્યા સાથે લગ્ન કરી નાખવામાં આવે છે, એટલું જ નહીં કાર્તિકેય પૂરી પૃથ્વીની પ્રદક્ષિણા ફરીને પાછા આવે ત્યાં સુધીમાં તો ગણેશજીને 'ક્ષેમ' અને 'લાભ' નામક પુત્રો પણ અવતરી ચૂક્યા હતા, અને આ વાતને કાર્તિકેય અન્યાય સમજીને રીસાઈને કૌંચ પર્વત પર ચાલ્યા જાય છે.

તેમને મનાવવા માટે માતા પાર્વતી અને શંકરજી ત્યાં પહોંચે છે, ત્યારથી જયોતિર્લિંગના સ્વરુપમાં ભગવાન શિવ તે ક્ષેત્રમાં બિરાજે છે.

મલ્લિકાર્જુનમાં 'મલ્લિકા' પાર્વતી માતા માટે અને 'અર્જુન' નામ શિવ દ્યોતક છે.

શ્રી શૈલ પર્વત સમુદ્ર તટથી ૧૫૬૩ ફૂટ ઊંચાઈ પર છે. આ દેવસ્થાન ૨૦-૨૫ ફુટ ઊંચી દીવાલોની વચ્ચે ઘેરાયેલું છે. દીવાલના પથ્થરો પર શિવપુરાણના યુદ્ધ અને દેવતાઓની મૂર્તિ કોતરાયેલ છે. મંદિરમાં ૩ ગોપુર છે. આ મંદિરનું નિર્માણ આઠમી સદીમાં થયું હોય તેમ મનાય છે.

મંદિરની ઉત્તર બાજુ 'વૃદ્ધ મલ્લિકાર્જુન' નું મંદિર છે. જેનું નિર્માણ સાતમી સદીમાં થયુંહોવાની માન્યતા છે.

મુખ્ય મંદિરની પાછળની બાજુ 'માધવી ભ્રમરાંબા દેવી' નું મંદિર છે, મહિષાસુર સાથે યુદ્ધ કરતી વખતે કાલીમાતાએ ભ્રમરોથી આચ્છાદિત કમળોની માળા પહેરી હતી. તેથી તેમને 'ભ્રમરાંબા દેવી' કહેવાય છે. આ કારણે શ્રી શૈલને શિવ પીઠની સાથે સાથે શક્તિપીઠના સુભગ સમન્વય રૂપે માનવામાં આવે છે.

મુખ્ય મંદિરની પૂર્વમાં એક રસ્તો કૃષ્ણા નદી તરફ જાય છે, અહીં કૃષ્ણા નદી ૮૦૦ ફૂટ ઊંડી ખાઈમાં વહે છે, માટે અહીં કૃષ્ણા નદીને 'પાતાલ ગંગા' કહેવામાં આવે છે. નદી સુધી પહોંચવા માટે ૮૫૨ પગથિયાં ઉતરવા પડે છે, અને તેટલા જ વળી ઉપર ચડીને આવવું પડે છે.

દત્તાત્રેયના અવતાર મનાતા શ્રી નૃસિંહ સરસ્વતીજી એ શ્રી શૈલની યાત્રા કરીને 'પાતાળ ગંગા'માં પુષ્પાસન પર બેસીને પોતાનું અવતાર કાર્ય પૂરું કર્યું હોય તેવું માનવામાં આવે છે. વળી મંદિરના વિશાળ પ્રાંગણમાં પીપળો, ઉમરો અને વડલો આ ત્રણ પવિત્ર વૃક્ષો એક જ થડમાંથી પ્રાર્દુભાવ થયેલા જોવા મળે છે, અને આની નીચે બેસીને જ ગુરુ દત્તાત્રેયે આરાધના કરી હશે તેમ મનાય છે.

સુદ-૬ 'કાર્તિકેય ષષ્ઠી' ના દિવસે જ અમે ત્યાં હતા, તે વળી યોગાનુયોગ સુભગ સમન્વય હતો.

રસ્તામાં સાક્ષી ગણપતિનું મંદિર આવે છે, ગણેશજી શિવમંદિરમાં ભક્તોએ દર્શન કર્યા કે નહીં તેની સાખ પૂરવાનું કાર્ય કરે છે.

આ ઉપરાંત 'મલ્લિકાર્જુન ડેમ'નું નયનરમ્ય દેશ્ય રસ્તામાં જોવા મળે છે, ખૂબ જ સરસ નૈસર્ગિક સૌંદર્ય રેલાયેલું જોવા મળે છે.

સૌથી વધુ પવિત્રતા એટલા માટે અનુભવાઈ કેમ કે મંદિરમાં પ્રવેશ પહેલા જ મોબાઈલ, કેમેરા લઈ લેવામાં આવે છે, જેથી આપણું સંપૂર્ણ ધ્યાન માત્ર ઈશ્વરમાં જ લાગેલું રહે, ત્યારબાદ બ્રાહ્મણોનો એકધારો જે શિવ-પાઠનો આરોહ-અવરોહ યુક્ત ધ્વનિ આપણને સંભળાયા કરે તે અવર્ણનીય છે. પરિસરમાં 'વૃદ્ધ મલ્લિકાર્જુન', 'ભ્રમરાંબા દેવી મંદિર' અને મુખ્ય મંદિર સિવાય બીજા ૨૦ જેટલા મંદિરો છે.

મમ્મી-પપ્પા, માસા-માસી, પત્ની-બાળકો સાથે કરેલ આ ત્રણ જયોતિર્લિંગની યાત્રા અવિસ્મરણીય યાત્રા બની રહી. ઈશ્વર પણ જાણે આપણા જેવા અબુધ પરંતુ તેનામાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર ભક્તો માટે કરુણાસાગર બનીને રાહ જોતો બેઠો જ હોય તેમ લાગે છે.

ત્રણ જયોતિર્લિંગ યાત્રા સંપૂર્ણ થવા માટે જાણે નવી ચેતનયાત્રા અંતરમાંથી પ્રારંભાતી હોય તેવો અનુભવ થયો, અને અમે આ ચિરકાળ અનુભવને મમળાવતા ગંતવ્ય સ્થળ પર પાછા ફર્યા.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

ખરાબ સમય કાયમ નથી રહેવાનો...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એકાદ બે દશક પહેલા આવેલી હોલિવૂડની ફિલ્મ 'ધ મમ્મી'નું ધુઆધાર કેરેક્ટર 'ધ સ્કોર્પિયન કિંગ્સ' યાદ છે ને! આ કિરદાર ભજવનાર રોકને દુનિયાભરમાં જબરજસ્ત ચાહના મળી. એ રાતોરાત હોલિવૂડનો હોટ સ્ટાર બની ગયો. એ પછી તો એણે પાછું વળીને જોયું નથી. એણે ૧૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય આપ્યો. આજે રોક અબજોની સંપત્તિમાં આળોટે છે.

રોકની વિશ્વભરમાં રોકીગ ઈમેજ પાછળની કહાની અત્યંત રોમાંચકારી છે. ઓકલેન્ડમાં બાળપણ વિતાવ્યા બાદ રોકનું પરિવાર અમેરિકા આવીને વસ્યું. પ્રોફેશનલ ફૂટબોલર બનવાનું રોકનું સપનું હતું. સ્કૂલની ફૂટબોલ અને એથલેટિક્સની ટીમમાં એણે ખૂબ ઝડપથી પોતાનું સ્થાન પણ બનાવી લીધું હતું. જોકે રોકનું પરિવાર રેસલીંગથી વધુ જાણીતું હતું. રોકના પિતા સારા રેસલર હતાં. પરંતુ રોકને રેસલિંગમા બિલકુલ રસ નહોતો પડતો. ૧૯૯૫મા એક અકસ્માતમાં રોક ગંભીર રીતે ઘવાયો. એને ખૂબ વાગ્યું. એની ફૂટબોલરની કેરીયર બનતા પહેલાં જ સમાપ્ત થઈ ગઈ. અધૂરામાં પૂરું એક સમયે તો એના પિતા પાસે મકાનના ભાડા માટે પૈસા ન હોવાથી મકાન માલિકે એના ઘરને તાળું મારી દીધું. એનું પરિવાર રસ્તા ઉપર આવી ગયું. એની માતા ચોધાર આંસુએ રડવા લાગી.

રોકના સપના એક મિનિટમાં ચકનાચૂર થઈ ગયા. એ સતત રડ્યા કરતો હતો. જીવનના અત્યંત કપરા કાળમાં પણ એ હિંમત ન હાર્યો. આખરે એણે પિતાજી અને પરિવારની પારંપરિક રેસલિંગ ગેઈમ અપનાવવાનો નિર્ણય કર્યો. પિતા જોન્સન જો અને પેટ પેટરસન પાસે એણે તાલીમ લેવાની શરૂ કરી. ૧૯૯૫મા રેસલિંગની પહેલી મેચ રમવાનો રોકને મોકો મળ્યો. આ મેચ એ જીતી ગયો. પણ હજુ સુધી એની મુશ્કેલીઓનો અંત આવ્યો ન હતો. એની પાસે રમવા માટે બુટ, પેડ અને ગીયર ખરીદવાના પણ પૈસા ન હતા. WWE મા પ્રોફેશનલ રેસલર તરીકે વિશ્વભરમાં નામના મેળવવાનું એનું સપનું હતું. એની ગરીબી અને એના શારીરિક દેખાવને કારણે લોકો 'ડાઈ રોક ડાઈ' અને 'રોક સક્સ' જેવા નકારાત્મક સૂત્રો પોકારતા. સામાન્ય માણસનુ મનોબળ આ બાબતથી અવશ્ય તુટીને ચકના ચૂર થઈ જાય.

રોક ડગ્યો નહીં અને રમતો રહ્યો. એક પછી એક દિગ્ગજોના ઢીમ ઢાળતો રહ્યો. થોડા જ સમયમાં લોકોનો ધિક્કાર પ્યારમાં પરિવર્તિત થવા લાગ્યો. રેસલિંગ ફેન્સના હૃદયમાં એનું સ્થાન બનવા લાગ્યું. એ રેસલિંગ

કોઈ ક્યારેય પણ ઉદાસ ન થાય,
થાય તો મારી આસપાસ ન થાય
- ભાવેશ ભટ્ટ

સ્ટાર તરીકે વિશ્વમાં જાણીતો બની ગયો. ત્યારબાદ થોડા જ સમયમાં 'ધ મમ્મી'ના ડાયરેક્ટરે 'ધ સ્કોર્પિયન કિંગ્સ'નો રોલ એને ઓફર કર્યો. આ પ્રથમ ફિલ્મ માટે રોકાને ૫.૫ મિલિયન ડોલર એટલે એ જમાનાના રૂપિયા ૩૩.૧૧ કરોડ આપવામાં આવ્યા. જીવનના ખુબ કપરા કાળમાં પણ રોક ખડકની જેમ અડગ ઊભો રહ્યો. જંજાવાતો સામે એ સતત લડતો રહ્યો. મુશ્કેલીઓને દૂર હડસેલી એ માર્ગ કાઢતો રહ્યો. ખરાબ સમય હંમેશા ટકતો નથી. રોકે મુશ્કેલીના સમયમાં હિંમતપૂર્વક માર્ગ શોધ્યો અને આગળ વધ્યો.

દરેકના જીવનમાં 'ગ્રે શેડ' એટલે કે નબળો સમય આવતો જ હોય છે. ક્યારેક ખુશી અને ક્યારેક દુ:ખની ધૂપછાંવથી જ જીવન ઘડાતું હોય છે. પહાડ, પથ્થર. ઝાડી-ઝાંખરાના અંતરાયો વચ્ચે થઈને પણ ઝરણું ખળખળ વહીને વિશાળ પટ ધરાવતી નદીનું સ્વરૂપ મેળવતું હોય છે. કેટલાક લોકો પ્રશ્નોમાં ગોથા ખાયા કરતા હોય છે. મુશ્કેલીઓને કાયમી સમજી એમાં મુંઝાવાનું ઘણાને કોઠે પડી ગયું હોય છે.

મુશ્કેલીના ખરાબ સમયમાં પોતાના નસીબનો વાંક કાઢીને માર્ગ ન શોધનારા લોકો ક્યારેય આગળ વધી શકતા નથી. જીવન માત્ર પસાર કરવાનું નથી હોતું. પ્રશ્નોના ઉકેલ મેળવીને મુશ્કેલીમાં માર્ગ કાઢીને મોજથી જીવવાની કલાનું નામ જીવન છે. દરેક પ્રશ્નોના ઉત્તરો હોય છે. પ્રશ્નો જોઈને ડરી જનારાને ઉત્તરો ક્યારેય મળતા નથી.

થોડા સમય પહેલા અખબારમાં કેરાલાના ૯૬ વર્ષના એક દાદી અમ્માના સમાચાર વાંચીને મન પ્રફુલ્લિત થઈ ગયું હતું. આ દાદી અમ્મા ૯૬ વર્ષે ચોથા ધોરણની પરીક્ષા આપીને પાસ થયા. એમની આ સ્પિરિટને સલામ છે. વધતી ઉંમર સાથે શારીરિક તકલીફો અને અનેક સામાજિક પ્રશ્નો સામે મોં વકાસીને બેસી રહેવાની જગ્યાએ આ માજીએ ભણવાનો માર્ગ કાઢીને પ્રેરણારૂપ દાખલો બેસાડ્યો છે.

દુનિયા એવા લોકો સામે ઝુકતી હોય છે જે તકલીફોમાંથી માર્ગ કાઢીને આગળ વધતા હોય છે. સામાન્ય રીતે મુસીબતોનો સમય વાગોળ્યા કરવાથી એ લંબાતો જતો હોય છે. મુશ્કેલી જોઈને બેસી રહેતા લોકો જે સામે છે એ જ જુએ છે. ખરેખર તો એ જોવાની કોશિશ કરવી જોઈએ કે, આવી પડેલી આ મુશ્કેલ પરિસ્થિતિ પલટાવવાની અસીમ સંભાવનાઓનો અખૂટ ખજાનો એમનામા પડ્યો જ છે.

ખરાબ સમય કંઈ કાયમ નથી રહેવાનો. રાતનું ઘનઘોર અંધારૂ જેટલું સત્ય છે, એટલું જ સૂર્યના પ્રથમ કિરણ સાથેનું અજવાળું પણ પરમ સત્ય છે. મુશ્કેલીને દિલથી ચિપકાવી રાખવામાં આવે ત્યારે જ જીવન ભારરૂપ બની જતું લાગે છે. મુશ્કેલ સમય તો ઘડીના છઠ્ઠા ભાગમાં દૂર થવાનો છે. થોડા જ સમયમાં આનંદના ઓવારણા લેવાની ઘડીઓ આવવાની જ છે. આવા દ્રષ્ટિકોણમા જ સુખની કુંજી છે. સુખને એક અવસર તો આપવાનું મનોમન નક્કી તો કરો. મુશ્કેલ પરિસ્થિતિને ટાટા-બાયબાય કહેવાનો સંકલ્પ જ આનંદનો રસ્તો ખોલી આપે છે. ખરાબ સમય તો બધાના જીવનમાં આવતો જ હોય છે, કોઈ એમાંથી નીકળીને ઉપર ઊઠે છે, કોઈ એમાં ફસાઈને તૂટી જાય છે, વિખેરાઈ જાય છે.

ધબકાર :
ખરાબ સમયની એક વિશેષતા એ છે કે,
એ સમય પણ પસાર થઈ જવાનો છે.